ચુંટણી અગત્યનું

જા.નં/મા-૨/મતય/ELCS/૨૦૨૧/ ૧૧૧૭૫-૭૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩
અઠવાલાઇન્સ,સુરત.
તા. ૨૯-૦૭-૨૦૨૧.

પ્રતિ
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી/ગ્રાન્ટેડ/નોન્ ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ

**વિષય**:-મતદાર સાક્ષરતા કલબ ( ELCS ) મતદાર કલબની રચના કરવા બાબત.

**સંદર્ભ**:-૧.મે,જિલ્લા કલેકટર તથા ચુંટણી અધિકારીશ્રી નો તા.૨૩/૦૬/૨૦૨૧નો પત્ર અન્વયે.
૧.મે,જિલ્લા કલેકટર તથા ચુંટણી અધિકારીશ્રી નો તા.૧૨/૦૭/૨૦૨૧નો પત્ર અન્વયે.
૨.અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં.મા-૨/મતય/ ELCS/૨૦૨૧/૮૪૩૭,તા.૦૧/૦૭/૨૦૨૧
૩. અત્રેની કચેરીના પત્ર ક્રમાંક નં.મા-૨/મતય/ ELCS/૨૦૨૧/૧૦૩૧૪ તા.૨૩/૦૭/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ-૨,૩ના પત્ર અન્વયે જણાવવાનું કે,જિલ્લામાં મતદાર સાક્ષરતા કલબ (ELCS)ની ૧૦૦% રચના કરવા સૂચના આપવામાં આવેલ છે. જે અન્વયે ઘણી માધ્યમિક/ઉ.મા.શાળાઓએ આજદિન સુધી આ માહિતી આપેલ નથી.દરેક માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળામાં મતદાર સાક્ષરતા કલબની રચના કરવાની થાય છે. તમામ માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળાઓએ (ELCS) ની રચના કરી તેની વિગતો આ સાથે સામેલ નિયત કરેલ (ફકત અંગ્રેજી) નમુનામાં પ્રવાહ પ્રમાણે અલગ-અલગ હોય તો જુદી-જુદી માહિતી તાત્કાલિક મોકલાવવાની રહેશે. જેની ગંભીર પણે નોંધ લેશો. (લેટરપેડ ઉપર માધ્યમિક અને ઉ.માધ્યમિક આપેલ નમુના પ્રમાણે જુદી-જુદી માહિતી આપવાની રહેશે.અને **SVS** નંબર લખવાનો રહેશે.)

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લા-સુરત

નકલ રવાના જાણ સારું.
પ્રતિ,
નાયબ ચુંટણી અધિકારશ્રી,
સુરત.જિલ્લો.સુરત

Scanned with CamScanner

## Annexure-1

### Details of ELC Established(At Secondary/Higher Secondary Schools)

Name of AC:-

Total ELC Established in Secondary/Higher Secondary Schools :

| Sr.no. | Name & Address of School Where ELC Established | Name & Number of Assembly Constituency Where ELC Established | Name of ELC Nodal Officer | Contact Number of concern ELS's Nodal Officer | Number of Members in ELC |
|---|---|---|---|---|---|

Scanned with CamScanner

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**ELECTION IMMEDIATE**

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE

General Administration Department (Election Division)

Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી-૧૦૨૦૧૯-૧૬૫૦-છ(SVEEP) તા. ૨૭-૦૭-૨૦૨૧

પ્રતિ
કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,
સુરત જિલ્લો.

વિષય : આપના જિલ્લામાં મતદાર સાક્ષરતા ક્લબ રચવાની કામગીરી ૧૦૦% પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ : અત્રેના તા.૧૭-૧૨-૨૦૧૯ તથા ૨૧-૦૭-૨૦૨૦ ના સમાનાંકી પત્રો.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે,આપને સુવિદિત છે કે મતદાર સાક્ષરતા ક્લબસએ તમામ પ્રકારના મતદારો સાથે જુદી જુદી પ્રવૃત્તિઓના માધ્યમથી ચૂંટણી પ્રક્રિયામાં સહભાગિતા વધારવાનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે જે અંતર્ગત રાજ્યની શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓમાં મતદાર સાક્ષરતા ક્લબસ, મતદાન મથક સ્થળો (Polling Station Locations)એ ચુનાવ પાઠશાળાઓ, ઔધોગીક એકમો, સરકારી -બિન સરકારી સંસ્થાઓમાં વોટર અવેરનેસ ફોરમની રચના કરવામાં આવેલ છે.

2. ચૂંટણી પંચ, નવી દિલ્હી દ્વારા આગામી સમયમાં તા.01-01-2022 ની સ્થિતિએ મતદાર તરીકેની લાયકાત ધરાવતા નવા મતદારોની નોંધણી તથા મતદારયાદીમાં મતદારોની વિગતો જેવી કે નામ, સરનામું વગેરેમાં સુધારાઓ માટે મતદારયાદી સુધારણા કાર્યક્રમની જાહેરાત થશે. વધુમાં, રાજ્યમાં વર્ષ-2022 દરમિયાન વિધાનસભા સામાન્ય ચૂંટણીઓ યોજાનાર છે. જેથી લાયકાત ધરાવતાં તમામ યુવા મતદારો તેમના નામની નોંધણી કરાવે અને સામાન્ય ચૂંટણી દરમિયાન મહત્તમ મતદાન થાય તે માટે અત્યારથી જ પૂર્વ તૈયારી કરવી આવશ્યક છે. આ માટે મતદાર સાક્ષરતા ક્લબએ ખૂબ જ અગત્યનું પ્લેટફોર્મ હોવાથી તેનો વ્યાપકપણે 100% ક્ષમતાથી ઉપયોગ થાયે તે જરૂરી છે .

3. ઉપરની વિગતે, આ વિભાગના સંદર્ભિતપત્રોથી તેમજ ત.06/07/2021 ના રોજ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વીડિયો કોન્ફરન્સમાં આપના જિલ્લામાં આવેલ તમામ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, કોલેજો-યુનિવર્સીટીઓમાં મતદાર સાક્ષરતા ક્લબસની રચના કરવા , તમામ પોલીંગ સ્ટેશન લોકેશન્સ પર ચુનાવ પાઠશાળાની રચના કરવા તેમજ જિલ્લામાં આવેલ તમામ સરકારી કચેરીઓ, બિન સરકારી સંસ્થાઓ, ઔધોગિક એકમો, કોર્પોરેટ કચેરીઓ, બોર્ડ-નિગમની કચેરીઓમાં વોટર અવેરનેસ ફોરમની રચના કરવા સુચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે આપના જિલ્લામાંથી અત્રે મળેલ વિગતો અનુસાર તા.15/06/2021 ની સ્થિતિએ રચવામાં આવેલ મતદાર સાક્ષરતા ક્લબસની વિગત નીચે મુજબ છે.

| મતદાર સાક્ષરતા કલબનો પ્રકાર | જિલ્લામાં આવેલ કૂલ શાળાઓ/કોલેજો/PSL/ સરકારી-બિન સરકારી કચેરીઓની સંખ્યા | રચવામાં આવેલ ELC/ ચુનાવ પાઠશાળા/ વોટર અવેરનેસ ફોરમની સંખ્યા. | કામગીરીની ટકાવારી(%) |
|---|---|---|---|
| ભાવિ મતદારો માટેની સાક્ષરતા કલબ (માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં) | 930 | 513 | 55 % |
| નવા મતદારો માટેની સાક્ષરતા કલબ (કોલેજો, યુનિવર્સીટીઓ અને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં) | 157 | 33 | 21 % |
| ચુનાવ પાઠશાળા ( પોલીંગ સ્ટેશન લોકેશન્સમાં) | 1771 | 1771 | 100 % |
| વોટર અવેરનેશ ફોરમ (સરકારી કચેરીઓ, બિન સરકારી સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો, કોર્પોરેટ કચેરીઓ, બોર્ડ-નિગમની કચેરીઓમાં) | 2272 | 720 | 32% |

4. ઉપરના કોષ્ટક અનુસાર આપના જિલ્લામાં ચુનાવ પાઠશાળાની રચના અંગેની કામગીરી 100 % પૂર્ણ કરવામાં આવેલ છે જેની અત્રે નોંધ લેવામાં આવેલ છે. ચુનાવ પાઠશાળા સિવાયની અન્ય ક્લબસ રચવાની કામગીરી પણ સત્વરે ૧૦૦ % પૂર્ણ કરવા તેમજ ઉપર પ્રમાણે રચવામાં આવેલ તમામ મતદાર સાક્ષરતા કલબની માહિતી આ સાથે સામેલ Annexures – 1,2,3,4 માં સોફ્ટ કોપી (Excel Sheet) તેમજ હાર્ડ કોપીમાં અત્રે તા. ૦૫/૦૮/૨૦૨૧ સુધીમાં અચૂક્પણે મોકલી આપવા વિનંતી છે.

5. વધુમાં, આપના જિલ્લાની તમામ મતદાર સાક્ષરતા કલબ્સ અંતર્ગત નીચે સુચવ્યાં અનુસારની કામગીરી શરૂ કરીને તમામ પ્રકારની સાક્ષરતા કલબસને સક્રિય કરવાની રહેશે.

- તમામ મતદાર સાક્ષરતા કલબ્સ, ચુનાવ પાઠશાળાઓ, વોટર અવેરનેસ ફોરમને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે જોડવાની રહેશે. જે માટે જાણીતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેવાકે ફેસબૂક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર, ટેલિગ્રામ, વોટ્સએપ ગ્રુપ પર સંબંધિત સાક્ષરતા કલબ્સના એકાઉન્ટ ખોલાવવાના રહેશે. આ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા ભારતના ચૂંટણી પંચ/ જિલ્લા ચૂંટણી તંત્ર/ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના Face Book, Twitter, Instagram, You Tube વગેરે સોશિયલ મીડિયા હેન્ડલસ/પેજને ફોલો કરવાના રહેશે.

- શાળા, કોલેજ કક્ષાએ મતદાર સાક્ષરતા કલબસ દ્વારા નવા મતદારોને ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે પરિણામલક્ષી પ્રોત્સાહિત કરવાના રહેશે.

- ભાવિ મતદારો તેમજ નવા મતદારો માટેની મતદાર સાક્ષરતા કલબ્સના સભ્યો દ્વારા આગામી તા.01/01/2022 ની સ્થિતિએ અઢાર વર્ષ પૂર્ણ થતા હોય તેવા તેમના મિત્રો, પડોશીઓ વગેરેની યાદી તૈયાર કરી સંબંધિત કલબ્સના નોડલ અધિકારીઓ મારફતે જે તે મતદાન મથકના બૂથ લેવલ અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારીના સંપર્કથી આ મુજબના નવા મતદારોની નોંધણીમાં સક્રિય યોગદાન આપે તે મુજબનું આયોજન કરવાનું રહેશે. શ્રેષ્ઠ કામગીરી કરનાર મતદાર સાક્ષરતા કલબ્સને આગામી રાષ્ટ્રીય મતદાતા દિવસ-2022 ની ઉજવણી દરમિયાન સન્માનિત કરીને તાલુકા/ જિલ્લા/ રાજ્ય/ રાષ્ટ્રીય કક્ષાએ પ્રોત્સાહિત કરવામાં આવશે તે બાબતથી તમામ સભ્યોને માહિતગાર કરવા, જેથી તેઓ ઉત્સાહપૂર્વક કામગીરી કરી શકે.

➢ ચુનાવ પાઠશાળા અંતર્ગત ઔપચારિક શિક્ષણથી વંચિત હોય તેવા અને આગામી તા.01/01/2022 ની સ્થિતિએ અઢાર વર્ષ પૂર્ણ થવાના હોય તેવા નવા મતદારોની સેન્સસના આંકડાના આધારે ઓળખ કરીને ચુનાવ પાઠશાળાના નોડલ અધિકારી અને સભ્યો દ્વારા આવા મતદારોની નોંધણી/સુધારા/ નામ રદ કરવા વિગેરે માટે ચૂંટણી તંત્રના સંકલનમાં રહી જરૂરી નિયમાનુસાર મદદ કરવાની રહેશે.

➢ ચુનાવ પાઠશાળા મારફતે ગામમાં નવા લગ્ન થયેલ યુગલોની યાદી તૈયાર કરાવી જો નવપરણિત કન્યાનું મતદારયાદીમાં નામ નોંધાયેલ ન હોય તો તે નોંધાવવા તેમજ જો તેણીના પિતાના ગામે નોંધાયેલ હોય તો જુના સ્થળે નામ કમી કરાવી નવા સ્થળે નામ ઉમેરવા માટે સંબંધિત બૂથ લેવલ અધિકારીઓને મદદ કરવી.

➢ મતદારયાદી સુધારણાં કાર્યક્રમ અંતર્ગત આપના જિલ્લાની તમામ વોટર અવેરનેસ ફોરમ્સમાં ઉક્ત ફોરમના નોડલ અધિકારી મારફતે સબંધિત સંસ્થા/કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને તેમના પોતાના તથા તેમના પરિવારના સભ્યોની મતદારયાદીની વિગતોમાં રહી ગયેલ ભુલો સુધારવા તથા નવા મતદારોની નોંધણી માટે કરવાની ઓનલાઇન તથા ઓફલાઇન પ્રક્રિયાથી વાકેફ કરવા અંગે બેઠકનું આયોજન કરવાનું રહેશે. આવી બેઠક તથા તેને પરિણામે નોંધાયેલ નવા મતદારોની આંકડાકીય વિગતોનો રેકર્ડ રાખવા સંબંધિત સંસ્થાને જણાવવું.

➢ ELC ને અત્રેથી જિલ્લામાં જુદા જુદા સમયે આપેલ ELC શૈક્ષણિક જાગૃતિ વિષયક મટીરયલ હસ્તગત રાખી ખૂટતા મટીરયલની માહિતી મેળવી આ વિષયે સકારાત્મક કામગીરી પૂર્ણ કરાવવા પણ વિનંતી છે.

➢ ભારતનું ચૂંટણી પંચ દિવ્યાંગ મતદારોની મતદારયાદીમાં નોંધણી તથા મતદાન મથકો ખાતે તેમને સવલતો પૂરી પાડવા અંગે સતત પ્રયત્નશીલ છે. જેથી ચુનાવ પાઠશાળાના માધ્યમથી સંબંધિત મતદાન મથક લોકેશનમાં રહેતા હોય તેવા શારીરિક અક્ષમ મતદારો (PwDs) ને PwD App ના ગુજરાતીમાં ડાઉનલોડીંગ અને તેના ઉપયોગથી વાકેફ કરી આ એપ દ્વારા તેમની નોંધણી, તેમને પુરી પાડવામાં આવતી વિવિધ સવલતો અંગે તેમને માહિતગાર કરવા તથા લાયક દિવ્યાંગજનોની મતદારયાદીમાં નોંધણી થાય તે મુજબની કામગીરી કરવાની રહેશે. આપના જિલ્લામાં સંભવિત PwD મતદારોનું ૧૦૦ % ટેગીંગ કરાવી દિન–૩૦ માં કામ પૂર્ણ કરાવવા વિનંતી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્રેથી પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૧૮/૮૧૫ (૧)/છ (SVEEP) તા.૨૩/૦૬/૨૦૨૦ ના પત્રથી જિલ્લા વાઈઝ PwD મતદારો શોધવા ઉપરાંત, વાહન વ્યવહાર, સમાજ સુરક્ષા, આરોગ્ય વિભાગનો સમગ્ર ડેટા અત્રેથી મોકલી આપેલ છે જેનો ઉપયોગ કરવા પણ વિનંતી છે.

| જિલ્લાનું નામ | Census-2011 મુજબ PwDs ની સંખ્યા | ૬૫ % મુજબ સંભવિત PwDs મતદારોની સંખ્યા | જુલાઈ–૨૦૨૧ સુધીમાં ટેંગીંગ થયેલ PwDs ની સંખ્યા | થયેલ કામગીરી (%) |
|---|---|---|---|---|
| સુરત | 63435 | 41233 | 25256 | 61.25 % |

ઉપર સુચવેલ વિવિધ તમામ પ્રવૃત્તિઓ દરમિયાન કોવિડ–2019 સંબંધિત સાવચેતીના પગલાઓનું અચૂકપણે પાલન થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે.

(આર.કે.પટેલ, IAS.)
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ : ઉપર મુજબ